# ફોજદારી કેસ નંબર : ૧૦૩૪/૨૦૨૬

જુનાગઢના મહે. બીજા એડી.ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુકામ : જુનાગઢ

## આંક– ૧ લગત હુકમ

ગુન્હો :– બી.એન.એસ. ક. ૨૨૩ તથા જી.પી.એકટની કલમ–૧૩૧ મુજબ

**– :: ઠરાવ :: –**

૧. ફરીયાદપક્ષની ટુંકમાં હકીકત એવી છે કે, આરોપીએ જુનાગઢ શહેરમાં જાહેરમાં ઢોરને ખવડાવવા માટેનો ઘાસચારો વેચી કલેકટરશ્રીના જાહેરનામાનો ભંગ કરેલ હોય જેની ફરીયાદ ફરીયાદીએ પોલીસ સ્ટેશને આપતા, આરોપી વિરૂધ્ધ ગુનો નોંધી, અન્વેષણ કરી તપાસ કરનાર અમલદારે અત્રેની કોર્ટમાં ચાર્જશીટ કરેલ છે.

૨. આરોપી આજ હાજર થતા બી.એન.એસ. કલમ–૨૨૩ તથા જી.પી.એકટની કલમ–૧૩૧ ના ગુનાના સબબ પ્લી લેવામાં આવતા જેમાં આરોપીએ ગુનો કબુલ કરેલ છે. તથા કબુલાત પુરસીસથી ગુનો કબુલ હોવાનુ જાહેર કરેલ છે. પોતાની પુરસીસમાં એવી અરજ ગુજારેલ છે કે, તેઓ ગરીબ માણસ છે તેઓને શીરે કુટુંબની જવાબદારી છે જેથી રહેમ દૃષ્ટિ રાખી ઓછામાં ઓછી સજા કરવા વિનંતી કરેલ છે.

૩. આરોપીને રુબરુ પુછતા તેઓએ સ્વેચ્છાએ કોઈપણ જાતના દબાણ કે લાલચ વિના હાલની અરજ કરેલ હોય કબુલાત નોંધવામાં આવેલ છે.

૪. કેસની હકીકત જોતા અને કબુલાત પુરસીસામાં જણાવેલ કારણો તથા ૨૦૦૫ (૧) જી.એલ.આર. સ્ટેટ ઓફ ગુજરાત વિ. નટવર હીરાચંદ ઠાકોરના નામ. ગુજરાત હાઈકોર્ટના ચુકાદાને ધ્યાને લેતા, નીચે મુજબ આખરી હુકમ કરવામા આવે છે.

**– :: હુકમ :: –**

(૧) આ કામના આરોપી–રફીકભાઈ ફારુકભાઈ બાનવા, રહે.જુનાગઢને બી.એન.એસ. કલમ–૨૨૩ તથા ગુજરાત પોલીસ એકટની કલમ–૧૩૧ હેઠળના ગુના સબબ સીઆર.પી.સી. ક. ૨૫૨ હેઠળ તકસીરવાન ઠરાવી રૂા.૫૦૦/–(અંકે રૂપિયા પાંચસો પુરા) નો દંડનો હુકમ કરવામાં આવે છે દંડ ન ભરે તો દિન–૦૭ (સાત) ની સાદી કેદનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીના ખત તથા જામીનખત રદ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તારીખ ૧૪મી, માહે માર્ચ, સને ૨૦૨૬ ના રોજની લોક અદાલતમા વાંચી સંભળાવી જાહેર કરવામા આવે છે.

(જી.એસ.દરજી)
બીજા એડી.ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ
જુનાગઢ
(જીજે ૦૧૪૭૫)

સ્થળ : જુનાગઢ
તારીખ :૧૪/૦૩/૨૦૨૬